

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લ્યો! રાહુલ બાબાની સીધી વાત પણ થઈ ગઈ!*
*ને બાપુની છેલ્લી ‘આભાર’વિધિ પણ થઈ ગઈ!*
*નીતિ થઈ ગઈ નક્કી રણમાં ખોવાઈ જવાની -*
*કોંગી વિસર્જનની તિથિ પણ નક્કી થઈ ગઈ!*

હાઈકુ

*નિકળ્યું નહીં!*
*પરિશ્રમે પણ ઘી -*
*નખ વેગડા!*
*(બાપુ, વગડે...)*

*ખ્યાલ છે ખોટો*
*ખોળો મળી જવાનો -*
*પ્રહ્લાદ દશા !*
*(પૂછો નરહરિને...)*

### ચિંતન

*સુન્ન સહજ મન સુમિરતે પ્રગટ ભઈ એક જોતિ ।*
*તાહિ પુરુષ બલિહારીમેં નિરાલંબ જો હોત ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**પુરુષ ગુરુના મુખથી ઉપદેશ સાંભળીને મનને સ્થિર કરે છે, ત્યારે તેની સામે એક જ્યોતિ પ્રગટ થાય છે. અગર તો તેને આત્મ સાક્ષાત્કાર થાય છે.**

**જે વ્યક્તિ ગુરુના મુખથી સદુપદેશ સાંભળીને મનન તથા નિદિધ્યાસન કરે છે, અને એ પછી સ્થિર મનથી સ્મરણ અને ચિંતન કરે છે, ત્યારે તે પુરુષને આત્માનો સાક્ષાત્કાર થાય છે. સદ્‌ગુરુ કહે છે કે, હું એ પુરુષને ધન્યવાદ આપું છું, કેમ કે તે નિરાલંબ અથવા નિર્વિષપ બની સ્થિર થઈ ગયો હોય છે.**

### સુવિચાર

- જેમ ઉધઈ વસ્ત્રો કોતરી નાખે છે, એમ ઈર્ષા મનુષ્યને નષ્ટ કરી નાખે છે - **ફુલછાબ**
- ઈચ્છાથી દુ:ખ આવે છે, ઈચ્છાથી ભય ઉત્પન્ન થાય છે,
  જે ઈચ્છાથી મુક્ત છે તે નથી જાણતો દુ:ખ કે તે નથી જાણતો ભય - **બુદ્ધ**
- પ્રત્યેક આપત્તિ એક ને દઢતા પ્રદાન કરે છે તો બીજાને નિર્બળતા અને શિથિલતા પ્રદાન કરે છે - **લેનિન**
- જીવો અને મરો કોઈ ઉત્તમ ઉદ્દેશ માટે... મરતો તો પોતાના પાછળ ગુણોની સ્મૃતિ મૂકીને...
  કે જેને સમયની આંધીઓ કદી નષ્ટ નહીં કરી શકે - **જનકલ્યાણ**
- શારીરિક ઉન્નતિ વગર આધ્યાત્મિક ઉન્નતિ અસંભવ છે - **રામકૃષ્ણ પરમહંસ**
- જેવી વાણી તે મુજબ આચરણ કરવું જોઈએ, જેમ વર્તીએ છીએ તેવું નહીં - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ : દાઝેલા પર છુંદેલો કાંદો લગાવવાથી બળતરામાં તરત રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

માણસે સમાજનું ઋણ, શક્તિ હોય ત્યારે સમજીને ચૂકવી દેવું જોઈએ.

મેરી ક્યુરી ભૌતિકશાસ્ત્રના વધુ અભ્યાસ માટે પોલેન્ડથી પેરીસ આવી. પણ ખિસ્સામાં કંઈ ખાસ પૈસા વધ્યા ન હતા. થોડા વખત પછી મેરીને અભ્યાસ છોડી દેવો પડે એવું લાગ્યું કારણ કે યુનિવર્સિટી આવનજાવનમાં ખાવાપીવામાં ઝડપથી પૈસા વપરાવા લાગ્યા હતા. એવામાં પોલેન્ડ સરકારે મેરીને પંદરસો ડોલરની સ્કોલરશીપ ઓફર કરી. હવે મેરીને આ સ્કોરલશીપથી ખૂબ રાહત થઈ. અભ્યાસ અને સંશોધન કરતા કરતા ભૌતિકશાસ્ત્રમાં ‘અભ્યાસપૂર્ણ નિબંધો’ લખી બે વર્ષમાં પંદરસો ડોલરની રકમ ભેગી કરી.

અને આ રકમ પોલેન્ડ સરકારના સ્કોલરશીપ આપનારા વિભાગને પરત મોકલી આભાર વ્યક્ત કર્યો. આ વિભાગના ઈતિહાસમાં અભૂતપૂર્વ ઘટના હતી કે સ્કોલરશીપની રકમ વિદ્યાર્થીએ પરત કરી. મેરીએ આભારપત્રમાં નોંધ કરી હતી કે સરકારે તેમના પ્રત્યે એક વિશ્વાસ મૂક્યો છે આ આ રકમ તેઓ મારા જેવી બીજી કોઈ ગરીબ વિદ્યાર્થીનીને ઉપયોગી અને જીવન તારક બની શકે.

# સમાધાનકારી વલણ કોંગ્રેસની બાજી સુધારી શકશે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુરોપ અને રશિયાના રાજદ્વારી પ્રવાશે નીકળ્યા છે પરંતુ એમની નજર તો ભારતનાં ગુજરાત સહિતના રાજયોમાં આવી રહેલી ચૂંટણીઓ પર જ છે. એક સાથે અનેક બાબતો પર ધ્યાન આપવામાં મોદી માહેર છે. પોતે વિદેશયાત્રાએ છે ત્યારે એમના વિશ્વાસુ રાષ્ટ્રીય અધ્યક્ષ આદિવાસી વિસ્તારોમાં ખોરડાં ખૂંદી રહ્યા છે. જો કે ભારતીય જનતા પાર્ટીનો મૂળ જનાધાર તો પાટીદાર સમાજ છે. ઉત્તર ગુજરાતનો ભરોસો નથી ત્યારે ગુજરાતની આગામી ચૂંટણીઓમાં સૌરાષ્ટ્ર અને પાટીદાર ફેકટર સૌથી અગત્યના હોઈ એ મુદ્દે મોદી-શાહની જોડી વ્યૂહાત્મક અભિગમ અપનાવી રહી છે. છેલ્લે ઈફકોના ઉપાધ્યક્ષ તરીકે સાંસદ વિઠ્ઠલ રાદડિયાની નિમણૂક એનું જવલંત ઉદાહરણ છે. રાદડિયા મૂળે શંકરસિંહ વાઘેલના વિશ્વાસુ સાથી હતા. વળી સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રે અને લેઉઆ પાટીદારોના સામાજિક નેતા તરીકેનો એમનો પ્રભાવ પણ જાણીતો છે. નરેન્દ્ર મોદીએ ગત લોકસભાની ચૂંટણી પૂર્વે એમને ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ આપી એક કાંકરે અનેક પક્ષી માર્યા હતા. રાદડિયાનો એ શરતી પ્રવેશ હતો જે અન્વયે એમના પુત્રનો રાજયના મંત્રીમંડળમાં માનભેર સમાવેશ કરાયો હતો. વંશવાદના રાજકારણના બોલકા વિરોધી ગણાતા વડાપ્રધાનને કેશુભાઈ પટેલ જેવા જૂની પેઢીના પાટીદાર નેતાનો પ્રભાવ ખાળવા માટે રાદડિયાને એમની શરતોએ પાર્ટીમાં સામેલ કરી લોકસભાની ટિકિટ આપવી પડી હતી. અલબત્ત રાદડિયા તેમ છતાં પૂરેપૂરાં સંતુષ્ટ નહોતા કારણ કે ઊંડે ઊંડે એમને તો કોંગ્રેસ શાસન વખતે નહીં મળી શકેલ કેન્દ્રનું પ્રધાનપદ ખપતું હોય તે સ્વાભાવિક છે. આખરે એમને ગુજરાતના જ વરિષ્ઠ સહકારી અગ્રણી નટવરલાલ પીતાંબરદાસ પટેલની ખાલી પડેલી જગ્યા પર નિમણૂક આપવાનો નિર્ણય કરી થાબડભાણાં કરવાનો પ્રયાસ થયો છે. રાદડિયા વંકાય તો સૌરાષ્ટ્રમાં ભાજપનાં બારે વહાણ છેક કિનારે પહોંચીને ડૂબે એવી સંભાવના હતી. મોદી-શાહનાં આવાં ગણતરીપૂર્વકનાં રાજકીય સમીકરણો જ એમનો દરેક ચૂંટણીમાં જયજયકાર કરાવતાં રહ્યાં છે. એથી તદ્દન ઊલટું, કોંગ્રેસ એના નારાજ નેતાઓને સાચવી લેવામાં હંમેશા નબળી પુરવાર થતી રહી છે. આ જ રાદડિયાને એ સાચવી શકી ન હતી, જેનું ભારે નુકશાન એને વેઠવું પડ્યું હતું. હવે વારો ભાજપ ગોત્રના સિનિયર મોસ્ટ નેતા શંકરસિંહ વાઘેલાનો છે. કોંગ્રેસ હાઈકમાંડ એમની નારાજગી ખાળવામાં ઊણું ઊતર્યું છે. ભલે એમને હાંસિયે ન ધકેલવા હોય, પણ ઘણી બાબતોમાં એમની સલાહ તો અવગણી જ છે. વિધાનસભા પક્ષના નેતા કરતાં પ્રદેશ પ્રમુખનું પલ્લું ભારે બની ગયું છે. શંકરસિંહ વાઘેલાને ગુજરાતના રાજકારણમાંથી ઊંચકી રાષ્ટ્રીય રાજકારણમાં ગોઠવી શકાયા હોય, તો એમની નારાજગી ખાળી શકાય એમ હતી. અહમદ પટેલ સતત પાંચમી વાર રાજયસભાના સભ્ય તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે તે કોઈ પણ કોંગ્રેસી કાર્યકરને બલકે કોંગ્રેસનું સમર્થન કરતા રહેતા મતદાર સમુદાયોને પણ કઠે એવી બાબત છે. અહમદ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષાના રાજકીય સચિવ હોઈ કર્ણાટક કે પંજાબ જેવાં કોંગ્રેસ શાસિત રાજયોમાં પણ રાજયસભાના સદસ્ય તરીકે ચૂંટાઈ શકે એમ છે. ગુજરાતમાં એમની ખાલી પડતી જગ્યા પર જો શંકરસિંહ વાઘેલાને રાજયસભામાં લઈ જવાયા હોત તો કોંગ્રેસમાં પ્રવર્તમાન કલહ હાલ પૂરતો શમી શકે એમ હતો. પરંતુ રાહુલ કે સોનિયા ગાંધીને આટલું સાદું ગણિત કોઈ સમજાવી શકતું નથી તે કોંગ્રેસની કમનસીબી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ નજીકના જ દિવસોમાં જિલ્લા અને શહેર સંગઠનના હોદ્દેદારોની જાહેરાત ઉપરાંત ચાળીસથી પચાસ જેટલી વિધાનસભાની બેઠકો ઉપરના ઉમેદવારોની જાહેરાત કરવાના તેમ જ હાઈકમાંડ સાથેની નિકટતાનો અહેસાસ કરાવ્યો છે. એ ઉમેદવારો પૈકી કેટલાક વાઘેલાના સમર્થકો પણ હશે જ. જો જૂથવાદ બાજુએ મૂકી ‘પંજા’ને જ જિતાડવાના સંકલ્પ સાથે બેઉ નેતાઓ હાથ મિલાવશે તો હજી બાજી એટલી હદે નથી જ બગડી ગઈ કે કોંગ્રેસ સારા ભવિષ્યની આશા ન રાખી શકે સુધરવા માટે કયારેય મોડું થતું હોતું નથી.

# ગાંધીજીનો કેળવણી વિચાર : વર્ધા યોજના



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

ગાંધીજીના કેળવણીના વિચારો અન્ય કરતા પ્રમાણમાં જુદા હતા. કેળવણી અંગે વિચારો વ્યક્ત કરતા અન્ય મહાનુભાવો કોઈ પણ પ્રવૃત્તિ અથવા શારીરિક કાળનો કેળવણીની પ્રક્રિયાના એક અનિવાર્ય અંગ તરીકે સ્વીકાર કરતા હતા. જયારે ગાંધીજી સમગ્ર સામાન્ય કેળવણી ઉદ્યોગ દ્વારા અપાવી જોઈએ તેમ માનતા હતા.

> વર્ધા યોજનાના વિચારમાં વિદ્યાર્થી પોતાના પરિશ્રમ દ્વારા શિક્ષણ ખર્ચ આપી શકે અને હુન્નર કળાથી સર્વાંગી વિકાસનો લાભ મળે

વિદ્યાર્થીઓને જ ઉદ્યોગ શીખવવામાં આવે તે એ રીતે શીખવવાની હિમાયત તેઓ કરતા કે તેમાંથી નીપજતા માલનું આર્થિક મૂલ્ય વિદ્યાર્થીના ભણતરનું ખર્ચ ભરપાઈ કરી આપે. ગાંધીએ ઉદ્યોગ શીખવવાને આર્થિક બાબત સાથે સાંકળ્યું હતું. જો વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા કામનું આર્થિક મૂલ્ય ન હોય તો તે વાસ્તવિકતા અને જીવનથી વિખૂટું પડી જાય.

ગાંધીજીએ ઉદ્યોગકામ એ માત્ર સાહિત્યિક શિક્ષણનું સાધન માત્ર નથી પરંતુ તેને એક સ્વતંત્ર સાધ્ય ગણાવ્યું હતું. તેમણે એવું સમજાવ્યું કે જો ઉદ્યોગને સ્વતંત્ર સાધ્ય ગણવામાં ન આવે તો તેમાંથી મળતું આર્થિક વળતર, તેની અંદર દાખવવાની કાર્યકુશલતા અને એ ઉદ્યોગ ક્રિયાની સાથે જોડાયેલું રહસ્ય - એ ધીરે ધીરે વિસરાતું જશે.

ઉદ્યોગ ક્રિયાનું રહસ્ય એટલે શું ? એ વિશે ગાંધીજીએ સીધો ફોડ પાડ્યો નથી પરંતુ વર્તમાન સમય જોઈએ તો એમ સમજાય છે કે આજકાલ શિક્ષણમાં જે ટ્યુશન પ્રથાની બોલબાલા છે એમાં વાલી, વિદ્યાર્થી શાળા અને ટ્યુશન વચ્ચે જે હડિયાપાટુ કરે છે એની સમસ્યાની વાત તેમણે જોઈ હશે. આજે જો ગાંધીના કેળવણી વિચારના આધારે શિક્ષણ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો ટ્યુશનની બદી તો ઉકેલી શકાય. શાળાનું શિક્ષણ ઉદ્યોગના હુન્નર અને શ્રમના મહિમા સાથે જોડાઈ શકે. આથી આજે વિદ્યાર્થીકાળથી જ બાળકોમાં અમુક પ્રકારના સાવ સામાન્ય કામો કરવાની શરમ પેદા થઈ છે તે પણ દૂર કરી શકાય તો શાળા જીવન બાદ કૉલેજકાળ દરમિયાન કે એ પછી શિક્ષિત બેરોજગારીનો પ્રથમ પણ આસાનીથી ઉકેલી શકાય એમ છે. રોજબરોજના કુટુંબના વિવિધ કામોમાં પણ બાળકો સીધા જોડાતા નથી. ત્યારે શિક્ષણની સાથે શ્રમનો મહિમા સાવ સહજ રીતે ગાંધીના શિક્ષણમાં જોવાયો હતો પણ મહદઅંશે આપણે । વિચારનો અમલ આપણી શિક્ષણ પ્રણાલીમાંથી દૂર કર્યો.

આજની શહેરીકરણ અને તેને આધારે ઊભા થતા અનેક સામાજિક પ્રશ્નોનું નિરાકરણ પણ કેળવણીમાં ઉદ્યોગની તાલીમ સાથે જોડાયેલું હતું.

ગાંધીજી કેળવણી દરમિયાન બાળકોને જે ઉદ્યોગો શીખવવામાં આવે એ ગામડાના હોવા જોઈએ એવી હિમાયત કરતા હતા. હિંદુસ્તાન પ્રધાન પણે ખેતીવાડીનો દેશ છે એ ધ્યાનમાં લઈને ઉદ્યોગો કાંતણ, વણાટ, લુહારી અને સુથારી કામની તાલીમ આપનારા હોવા જોઈએ એમ સ્પષ્ટ કહેતા હતા. જો આ રીતના ગાંધી વિચાર આપણે કેળવણી સાથે જોડ્યા હોત તો ગામડાનો ભાંગતા ગયા અને ખેતી, પશુપાલન અને ખેડૂત પણ સાથે સાથે ભાંગતો ગયો એવી સ્થિતિ પેદા ન થઈ શકી હોત.

આજે આપણે શાળાના વિદ્યાર્થીઓને જોઈએ તો વાલી અને શિક્ષિતોની ઘણા વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય ફરિયાદ રહી છે ‘અક્ષર સારા નથી.’ ગાંધીના અક્ષરો સારા ન હતા એ વાત અત્રે યાદ આવે છે પણ બીજી એક વાત એ પણ વિચારવા જેવી છે. અત્યારના બાળકોના

**અનુસંધાન પાના નં. ૫ પર**

# જોતાં રે જોતાં જડિયા : સાચા સાગરના મોતી



હોવું એ આપણું સત્વ,
કહેવું લોકની રુચિ
અંત: શુધ્ધિ સ્વયં સાધી
શ્રેયાર્થે કરવી ગતિ.

મે મહિનાની ૧૯મી તારીખ દરેક વર્ષની જેમ હમણાંજ પસાર થઈ ગઈ. ઉપરની પંક્તિઓ લખનાર કવિ મુકુન્દરાય પારાશર્ય (ભાવનગર) આ તારીખેજ ૧૯૮૫ના વર્ષમાં આપણી વચ્ચેથી ગયા. તેમણે લખ્યું છે તેજ રીતે પ્રસિધ્ધિની કોઈપણ પ્રકારની એષણા સિવાય તળિયે રહીને જીવવા છતાં જીવનભર તેમની ગતિ શ્રેયાર્થે રહી. માનવીનું જીવન તડકા છાંયાના આવરણોથી મઢાયેલું છે. સારા અને ક્યારેક નબળા વિચાર પણ આપણી પ્રકૃતિનોજ એક ભાગ છે. દરેક માનવીના મનોજગતમાં યુધિષ્ઠિર સાથે દુર્યોધન પણ પ્રસ્થાપિત થયા છે. વિટંબણા કે કટોકટીની ક્ષણે માનવીના જીવનમાંથી પ્રગટ થતાં પ્રત્યાઘાતથી તે વ્યક્તિનું સામાજિક મૂલ્યાંકન થાય છે. જીવનના માર્ગે જતાં પ્રેયના બદલે શ્રેયનો માર્ગ અપનાવવાનો નચિકેતા જેવો સંકલ્પ જે તે વ્યક્તિને મળેલા સંસ્કાર તથા ઈશ્વરકૃપાને આધિન છે. ઉત્તમ વિચારોના પોષણથી ઉછરેલો વ્યક્તિ શ્રેયનો શ્રેષ્ઠ માર્ગ સામાન્ય રીતે ચૂકી જતો નથી. આપણી ભાષાના સમર્થ સર્જક મુકુન્દરાય પારાશર્યનું જીવન ઘડતર આવા ઉજળા સંસ્કારોથી થયું છે. કવિના મોટીબાએ કહેલી વાતો તેમના જીવનનું ઘડતર કરવામાં ઉપયોગી થયું છે. પરંતુ સર્જક પારાશર્યે ત્યારબાદ સમાજજીવનને પોષક—પ્રેરક અને માર્ગદર્શક બની રહે તેવી “સત્યકથાઓ” લખીને સમાજ પર ઉતારી ન શકાય તેવું ઋણ ચડાવ્યું છે. વિશ્વ સાહિત્યના ફલક પર મૂકી શકાય તેવી “સત્યકથાઓ” સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી તેજોમય રહેશે તે નિર્વિવાદ છે. “સત્યકથાઓ” વાંચતા ભાવક માનવજીવનના સર્વોચ્ચ શિખરોની યાત્રા કરતો હોય તેવી અનુભૂતિ થાય છે. શ્રી વાડીલાલ ડગલીએ નોંધ કરી છે : “ગુજરાતીમાં આવું ગદ્ય વાંચી મનમાં ગૌરવ થયું કે મારી ભાષામાં પારાશર્ય જેવા કસબી છે.” સમાજ જીવનના તેમજ વ્યક્તિગત જીવનના સુકોમળ ભાવચિત્રો સ્વસ્થ, સ્નેહાળ તેમજ પરગજુ જીવન પધ્ધતિનું આબેહૂબ દર્શન કરાવે છે.

મુકુન્દભાઈ માટે જેમણે લખ્યું છે તે બધી વાતો—સ્વાનુભવો એ દરેક કથન અલગ દસ્તાવેજ સમાન છે. દરેક વાત ફરી ફરી વાગોળવી ગમે તેવી છે. આમ છતાં આપણાં સાંપ્રત કાળના વિદુષિ અને મુકુન્દભાઈના બહેન દક્ષાબેને લખેલી કેટલીક સ્મૃતિઓ હૈયામાં કોતરાઈ જાય તેવી મજબૂત અને અર્થસભર છે. દક્ષાબહેન લખે છે : “ભાઈની બાળક જેવી મસ્તી જીવનના અંત સુધી જળવાઈ રહી. ફળિયામાં ઝાડ પરથી કોયલનો અવાજ સંભળાય તો બરાબર તેના જેવોજ અવાજ કાઢે! કોયલ સાથે જુગલબંધી જમાવે. મોરને તો હાથમાં દાણાં લઈને ચણાવે.” પરંતુ આવા આપણાં મસ્તીસભર “ભાઈ” દેશ કે દુનિયાના કોઈપણ માઠા સમાચારથી ઉદાસ થઈ જાય. જગત તરફ જોવાની અને જગતનો અનુભવ કરવાની કેવી મંગળમય વ્રત્તિ ! સંધ્યાકાળે એકલા વૃક્ષ નીચે બેસીને અંતરના ભાવથી ગણગણે :

હે કૃષ્ણ, હે માધવ, હે સખેતિ
ગોવિંદ દામોદર માધવેતિ.

જેમના સર્જનોમાં હમેશા ઊંચા તથા કલ્યાણમય વિચારોના તત્વનું પ્રાધાન્ય રહ્યું છે તે આપણાં આ સર્જક ગીત કવિ તરીકે પણ ભારે ખીલ્યાં છે.

બાઈ, મારા આંબાને
સ્વપ્નું આવ્યું કે મ્હોરમા
ફાલી પડ્યો રે લોલ !
બાઈ, મારા આંબાને
આભ પડ્યું નાનું કે
દોરમાં ઝૂકી ઢળ્યો રે લોલ !



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

માત્ર કર્મની કેડીએ એકનિષ્ઠાથી ડગ માંડવાના સંસ્કાર આ ભાવનગરી કવિને વિચક્ષણ દિવાન સર પ્રભાશંકર પટ્ટણીના જીવનમાંથી મળ્યા હોય તે બનવા જોગ છે. સંસારમાં રહીને, સાંસારીક જવાબદારીઓ નિભાવીને પુષ્પની જેમ સતત સંસ્કારની સુગંધ પ્રસરાવતા આ નખશીખ સૌજન્યશીલ અને સૌમ્ય સર્જકને ગુજરાતીઓ કદી વિસરી શકશે નહીં. એમની ભાતીગળ સ્મૃતિ એમના સર્જનો થકી રંગ રેલાવતી રહેશે. મકરંદી ગુલાલ એમણે રેલાવી જાણ્યો છે

અમે તો જઈશું અહીંથી પણ આ
અમે ઉડાડયો ગુલાલ રહેશે.

‘સત્યં પરમ્ ધીમહિ’ નો મંત્ર જીવી જનાર આ સર્જક સત્યકથાઓ લખીને સમાજ પર પોતાનું રૂણ ચડાવીને ગયા છે. તેઓએ માત્ર સત્યકથાઓ લખી હોત તો પણ અમરત્વને વર્યા હોત એ નિર્વિવાદ છે. સત્યકથાઓ લોકો સુધી પહોંચી શકે તે માટે ‘કુમાર’ સામયિક તથા તેના તંત્રીશ્રી બચુભાઈ રાવતે ભજવેલો ભાગ સરાહનિય છે. સારા સામયિકો સત્વવાળું વાચન સમાજ સુધી પહોંચાડીને ઘણી મોટી સેવા કરતા હોય છે. આ વાતની પ્રતિતિ કદાચ આપણને થતી નથી પરંતુ આવી સેવાનું મૂલ્ય ઘણું છે. આ બાબતના ઉદાહરણ તરીકે કહેવું હોય તો મહેન્દ્રભાઈ મેઘાણીએ ૧૯૫૦ થી શરૂ કરેલું ‘મિલાપ’ આજે પણ યાદ આવે ત્યારે તેની ખોટ વરતાયા કરે છે. કવિ ઉમાશંકર જોશીનું ‘સંસ્કૃતિ’ પણ લગભગ ચાર દાયકાની મજલ કાપીને વિરામ પામ્યું. એક સમાજ તરીકે આપણે આવા સુરુચિપૂર્ણ અને સંસ્કારી વાચન પીરસતા સામયિકોને ચલાવવા માટેનો ટેકો કેમ પૂરો પાડી શકતા નથી તે બાબત વિચારણા માગી લે તેવી છે. બચુભાઈ રાવતે મુકુન્દભાઈ પાસે સત્યકથાઓ આગ્રહપૂર્વક લખાવી અને ‘કુમાર’ માં નિયમિત રીતે પ્રકાશિત કરવામાં આવી. સત્યકથાની આ વાતો સમાજની સ્વસ્થતાને સાચવવામાં અને સંકોરવામાં મદદ કરે તેવી બળવત્તર અને અસરકારક છે. મુકુન્દરાય પારાશર્યે સત્યકથાઓ સહિત અનેક સર્જનો થકી આપણા સાહિત્યની શોભા વધારી છે. એમની રચનાઓમાં ભાવ સહજતા તથા પ્રવાહીતાનો સુભગ સમન્વય જોવા મળે છે.

એની ગાંઠે ત્રણ ભોમનું નાણું
સાધુડા ! જેના મનડામાં મોતી બંધાણું
મોતી બંધાણું એનું દળદર દળાણું વ્હાલા !
છુટયું સંસારનું સરાણું,
હું પદના બંધવાળુ, કંચનકામિનીવાળું
જીવતર છે રાખનું છાણું ... સાધુડા ! ...

મુકુન્દરાય પારાશર્ય જેવા સ્વનામ ધન્ય સર્જકના સર્જનો તથા તેમના જીવનની સૌરભ કાળાંતરે પણ ક્ષિણ થતી નથી.

# પ્રાગદાસબાપાની સ્મૃતિમાં ‘સંત સાહિત્ય’ વિષે વકતવ્ય યોજાયું

ગોદડીયા પરંપરાના પૂજ્ય સંત પ્રાગદાસબાપાની સ્મૃતિમાં ‘સંત સાહિત્ય’ વિષેનું વકતવ્ય અને સાહિત્યસભાના સર્જકોની કૃતિઓના સંચય ‘શબ્દોત્સવ’ નું વિમોચન.

ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને ખ્યાતનામ નગરશ્રેષ્ઠી એન.પી. પટેલના સદ્‌ગત પિતા અને ગોદડીયા પરંપરાના પૂજયનીય સંત પ્રાગદાસજી બાપાની ‘સંત સાહિત્ય’ વિષયનો, લોકસાહિત્યના મર્મજ્ઞ અને જાણીતા કટારલેખક નિવૃત્ત આઈએએસ વસંતભાઈ ગઢવીનો વ્યાખ્યાન કાર્યક્રમ અને ગાંધીનગર સાહિત્યસભાના સર્જકોની કૃતિઓના સંચય ‘શબ્દોત્સવ’નો વિમોચનનો કાર્યક્રમ તા. ૨૭મી મે, ૨૦૧૭ના રોજ, બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે, સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને અને પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા - સાહિત્યકાર, પત્રકાર, નિબંધકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અતિથિ વિશેષ પદે સુપેરે સંપન્ન થયો.

કાર્યક્રમની શુભ શરુઆત, ‘મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું...’ પ્રાર્થનાથી જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવી; ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી, પ્રસંગના પથ પર તેજકિરણો ફેલાવી, મંઝિલને મોકળી કરી આપી. સંસ્થાની ઝળહળતી કારકિર્દીનો ચિતાર, નવા વરાયેલ પ્રમુખ નટવર હેડાઉ દ્વારા આપવામાં આવ્યો. સમારંભમાં તેજલિસોટા પાથરનાર મોંઘેરા મહેમાનો અને હાજર સર્વેનું સ્નેહથી શાબ્દિક સ્વાગત, અધ્યક્ષ સ્થાનેથી ભરત કવિ દ્વારા કરવામાં આવ્યું અને મહેમાનોના વિરલ વ્યક્તિત્વનો અને તેમના જીવનનાં શુભકાર્યોને ભરત કવિ દ્વારા પરિચય કરાવવામાં આવ્યો.

પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાનું પુષ્પહારથી સ્વાગત કરી, શાલ ઓઢાણીને ભરત કવિ દ્વારા સન્માન કરવામાં આવ્યું. વક્તા વસંતભાઈ ગઢવીનું પુષ્પહારથી સ્વાગત કરી, ડૉ. પ્રા. સોમભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાણીને સન્માન કરવામાં આવ્યું. જેના સૌજન્યથી ભોજન સહિતનો આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તે ખ્યાતનામ નગરશ્રેષ્ઠી એન.પી. પટેલનું પુષ્પહારથી સ્વાગત, સંસ્થાના કોષાધ્યક્ષ હરીશ ભટ્ટ દ્વારા કરી, શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના સર્જકોના સર્જનથી સંપાદિત પુસ્તક ‘શબ્દોત્સવ’ નું વિમોચન અને લોકાર્પણવિધિ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા - લોકસાહિત્યના મર્મજ્ઞ અને મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી, પ્રમુખ અને સભાધ્યક્ષ ભરત કવિ તથા મંત્રીઓ મૂળજીભાઈ પરમાર ‘દધિ’ અને સંજય થોરાત વિ.ના હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ ‘શબ્દોત્સવ’ પુસ્તક વિષેનું સંપાદકીય પ્રવચન કવિ રમણ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું. આ પુસ્તકના સંપાદકો કિશોર જીકાદરા, રમણ વાઘેલા અને પ્રજ્ઞાબેન પટેલનું પુષ્પહારથી સ્વાગત અને શાલ ઓઢાણીને સન્માન અનુક્રમે સર્વ વિષ્ણુ પંડ્યા, વસંતભાઈ ગઢવી અને એન.પી. પટેલ દ્વારા કરવામાં આવ્યું.

‘સંત સાહિત્ય’ વિષયે વી.એસ.ગઢવીએ પોતાના વકતવ્યમાં લોકસાહિત્ય, ચારણ સાહિત્ય તથા સંસ્કૃતિની પરંપરા વિષે રસાળ શૈલીમાં બોલતાં જણાવ્યું કે, કર્ણોપકર્ણ રજૂ થયેલ સાહિત્ય એ લોકસાહિત્યમાં સમાવિષ્ટ ‘સંત સાહિત્ય’નો અમર વારસો અને અમોલ ખજાનો છે. જે પોતાનો ઈતિહાસ ભૂલે છે તે પોતાને જ નુકશાન કરે છે. ઈતિહાસથી પોત બંધાય છે અને તે સાહિત્યનો વારસો છે. સંત સાહિત્યમાં કયાંક નાત-પાત-જાત આવતું નથી. એટલે જ કહ્યું : ‘જાતિ-પાતિ પૂછે નહીં કોઈ, હરિ કો ભજે હરિ કા હોઈ’. સાહિત્ય ઉપર જે તે કાળની અસર હોય છે. લોકસાહિત્ય - સંત સાહિત્ય પ્રજામાં જોમ, જોસ પૂરે છે અને જાગૃતિ આણે છે. જો આ લોકસાહિત્ય - સંત સાહિત્ય લોકો સુધી પહોંચ્યું ન હોત તો પ્રથમ કોટિની કરુણતા થઈ હોત! સંતો, કર્ણોપકર્ણ રજૂ થયેલ લોકસાહિત્યમાંથી દોહન કરી, લોકભોગ્ય ભાષામાં લઈ ગયા જે સમાજ માટે શુભચિંતક અને રાહદર્શક બન્યાં છે. તેમણે ભાણ સંપ્રદાયના સંતો - ગુરુ ભાણ, રવિ સાહેબ, દાસી જીવણ તથા ભક્ત કવિઓ - ગંગાસતી, પાનબાઈ, નરસિંહ મહેતા અને મીરાંબાઈ વગેરેનાં ભજનો, સાહિત્યની સમજ આપતાં જણાવ્યું કે આ સાહિત્ય એ સંસ્કૃતિની ધરોહર છે અને જો આ ભજનો ગવાતા રહેશે - લોકભોગ્ય થશે તો આપણી ગરવી ગુજરાતી ભાષા ટકી રહેશે. તેમણે ગોદડિયા પરંપરા વિષે જણાવ્યું કે, ગોદડિયા પરંપરાના સંતને અણહિલપુર પાટણના ગાયકે વિનંતી કરી કે તેઓ મોટામાં મોટા મંદિરના મહંત બને પરંતુ તેમણે નકારી કાઢી. અને ફક્ત એક જ પરંપરાના સંતો હરિબાપા, રામબાપા, પ્રેમજીબાપા, પ્રાગદાસજી બાપા આ સૂત્રને સ્વીકારી અન્નદાનથી સેવા કરી રહ્યા છે. આ પરંપરાને હાલમાં પ્રાગદાસજીબાપાના સપૂત એન.પી. પટેલ સુપેરે - વિના અહંકાર નિભાવી, કર્તવ્યની કેડીને રાજમાર્ગનું રુપ આપી રહ્યા છે. તેમણે સાધુ સંતોની મહાનતા અને હરિ ઉપરની શ્રદ્ધા બાબતે, તેમનાં અમોલા સુવાક્યોને ટાંકીને સમાજની ધરોહરને ઉજ્જવળ કરતી સાધુતા અને સાધુ-સંત પરંપરાની ભેદભરમની વાતો કરી સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે સંત, સર્જક અને સાધક ત્રણેય સરખા છે. તે જ આપણી જાગૃતિને અને સંસ્કૃતિને બચાવશે. ‘શબ્દ’ આગ પણ છે અને તેજ પણ છે. તેને સામુહિક ચેતનાના અગ્નિમાં તપાવું પડે છે અને સાતત્યને જાળવવું પડે છે. આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી એ ન્યાયાધીશ સામે ગાયેલ પોતાના ગીત ‘હજારો વર્ષથી જૂની અમારી વેદનાઓ’ ગાયું અને લોકો સાથે ન્યાયાધીશ પણ રડી પડ્યા તેની રસપ્રદ વાત કરી. તેમણે જણાવ્યું કે ‘સમાજ, સંસ્કૃતિ અને દેશ માટે સામાજિક સંસ્થાઓ, સાહિત્યકારો - સર્જકોએ જાગૃત થવું પડશે - જાગૃતતા કેળવવી પડશે. આમ તેમણે આઝાદીના ઈતિહાસથી માંડીને દેશની અર્વાચીન પરિસ્થિતિ અંગે ઘણી બધી પેટછૂટી વાતો કરી, જણાવ્યું કે આવનારા દિવસો દેશ માટે ખતરારૂપ છે, કારણ કે દેશમાં વિભાજનવાદી પરિબળો સક્રિય છે, જે રોમિલા થાપર જેવા ઈતિહાસકારો સત્યને તોડી - મરોડીને રજૂ કરે છે તે ઉપરથી સાબિત થાય છે.’

છેલ્લે ગાંધીનગર સાહિત્ય સભાના વિદાય લેતા પ્રમુખ ભરત કવિનું કિશોર જીકાદરા, પ્રજ્ઞા પટેલ, સંજય થોરાત, પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટ, અનુગામી પ્રમુખ નટવર હેડાઉ, મંત્રી મૂળજીભાઈ પરમાર ‘દધિ’ દ્વારા પુષ્પગુચ્છ, શ્રીફળ, સાકર, અર્પણ કરી તથા શાલ ઓઢાણીને સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ મંત્રી સંજય થોરાત દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સુચારું અને જીવંત સંચાલન પ્રજ્ઞા પટેલે કહ્યું હતું.

- muljibhaidadhi@gmail.com